SSP/FEB 99/07/300

## બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા

## સત્સંગ શિક્ષણ પરીક્ષા

# સત્સંગ પ્રાજ્ઞ : પ્રથમ ખંડ

# પ્રશ્નપત્ર - ૧

સવારે ૯ થી ૧૨ ] રવિવાર, ૨૧ ફેબ્રુઆરી, ૧૯૯૯ કુલ ગુણ : ૧૦૦

**નોંધ : જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.**

**('વચનામૃત'ના આધારે)**

**પ્ર.૧. (અ) નીચેનામાંથી કોઈ પણ ત્રણ સૈદ્ધાંતિક વાક્ય, દૃષ્ટાંત કે વિષય પર મુદ્દાસર નોંધ લખો.** ૨૧

૧. દરજી દરજણનું દૃષ્ટાંત અને તેનો સિદ્ધાંત.

૨. ગ. પ્ર. ૭૬ના આધારે પાકા સત્સંગીની વ્યાખ્યા સમજાવો.

૩. મહાત્મ્યરૂપી ખટાઈનો સિદ્ધાંતદ્ધાંત દૃષ્ટાંત સહિત સમજાવો.

૪. એવી નિષ્ઠાવાળો જે સંત છે, તેના પદની રજને અમે પણ માથે ચઢાવીએ છીએ.

૫. સાત માળની હવેલીનું દૃષ્ટાંત અને સિદ્ધાંત.

**(બ) નીચેનાં અવતરણોની પૂર્તિ કરો અને વચનામૃતનો ક્રમાંક ટાંકો.** ૧૫

૧. 'અને જેમ નેત્રે કરીને .................... અજ્ઞાનીમાં અતિશય અજ્ઞાની છે.'

૨. 'ભગવાન જીવના કલ્યાણ ................ દેખ્યામાં આવે નહીં.'

૩. 'અને જો કોઈ અમારો ............ અંતઃકરણને હું પકડું છું.'

૪. 'અને જે ભગવાનના ............. સર્વે મૂર્ખ છે.'

૫. 'એમ દૃઢપણે સમજીને ............. સર્વથી શ્રેષ્ઠ છે.'

**(ક) નીચેનામાંથી કોઈપણ એક વિષય ઉપર અભ્યાસક્રમના 'વચનામૃત' નો ક્રમાંક નોંધી બે અવતરણો લખો :** ૪

૧. નિર્દોષબુદ્ધિ

૨. આજ્ઞા

**('સ્વામીની વાતો'ના આધારે)**

**પ્ર.૨. (અ) નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં આપો.** ૫

૧. દેશકાળાદિક આઠ કયા કયા છે ?

૨. સત્સંગ કોણ જાળવી શકે ?





૩. મોટા સાધુની સમજણ કેવી છે ?

૪. હૃદયમાં ટાઢું કેમ થાય ?

૫. ખરેખરા સત્સંગી કેમ થવાય ?

**(બ) કૌંસમાં આપેલા વિકલ્પોમાંથી સાચો જવાબ શોધી ખાલી જગ્યા પૂરો.** ૫

૧. જીવ .................. પણે વર્તે તો બ્રહ્મરૂપ થયા વિના રહે નહિ. (નિષ્કામી, નિર્માની, નિષ્કપટ)

૨. ..................... થયા વિના મહારાજની સેવામાં રહેવાય નહીં. (ઉત્તમભક્ત, એકાંતિક, બ્રહ્મરૂપ)

૩. આ વચનામૃત તો વાંચ્યા જ નહોતા, પ્ર. ૨૩, મં. ...................., ૪૫, અમ. ૨, ૩. (મ. ૩૦, મં. ૩૧, મં. ૫૧)

૪. જેને જેટલું અજ્ઞાન છે, તેટલો જ ...................... થાય છે. (દ્રોહ, કુસંગ, ફેલ)

૫. સાધુ સમાગમ વિના જ્ઞાન થાય નહીં, ને જ્ઞાન થયા વિના .................... જણાય નહીં. (મહિમા, સ્વરૂપ, નિર્ગુણપણું)

**(ક) નીચેનામાંથી કોઈપણ એક વિષય પર વિસ્તૃત નોંધ લખો.** ૧૦

૧. સુખ શાંતિનો ઉપાય

૨. સંબંધનો મહિમા

૩. ગુણાતીતાનંદ સ્વામીએ પોતાનો કહેલો મહિમા

**('ભગતજી મહારાજ' ના આધારે)**

**પ્ર.૩. (અ) નીચેનામાંથી કોઈપણ એક વિષય પર નિબંધ લખો.** ૨૦

૧. ભગતજી : વિમુખ છતાં સન્મુખ.

૨. ભગતજીનાં બાળચરિત્રો

૩. ભગતજીના ત્યાગી શિષ્યો

**(બ) નીચેનામાંથી કોઈપણ બે વિષય પર નોંધ લખો.** ૨૦

૧. સાધુનો કસબ એટલે શું ?

૨. ભઠ્ઠીનું દૃષ્ટાંત અને સિદ્ધાંત

૩. ભગતજીનું ઐશ્વર્ય દર્શન

૪. વાંસદામાં દીવાનને જ્ઞાનોપદેશ.